SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA
Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807

એકેડેમિક વિભાગ

## પરિપત્ર

વિષય : અનુસ્નાતક અભ્યાસક્રમોના ઓપન રાઉન્ડ અંગેનો પરિપત્ર
સંદર્ભ : યુનિવર્સિટી વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવેલ માહિતિ પુસ્તિકાના સિડ્યુલ મુજબ

આથી સર્વે વિદ્યાર્થીઓ/વડાશ્રીઓ/આચાર્યશ્રીઓને જણાવવાનું કે તારીખ : ૨૭/૧૦/૨૦૨૦થી અનુસ્નાતક અભ્યાસક્રમો માટે ઓપન રાઉન્ડ હોવાથી નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૧) વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઇટ પર ખાલી જગ્યાની માહિતી મેળવી જે વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યૂટમાં પ્રવેશ મેળવવો હોય ત્યાં તમામ અસલ તથા ઝેરોક્ષ દસ્તાવેજો સાથે હાજર રહી પ્રવેશ મેળવવાનો રહેશે.

૨) વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યૂટના વડાશ્રી/આચાર્યશ્રીઓએ તેમના વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યૂટની ખાલી જગ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા અંગેની નોંધ વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ પર કરવાની રહેશે તથા દિવસ દરમ્યાન ફાળવેલ વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ યાદી સહિત રોજે રોજ એકેડેમિક વિભાગમાં જમા કરાવવાના રહેશે. એકેડેમિક વિભાગ દ્વારા સદર વિદ્યાર્થીઓના પ્રવેશ પોર્ટલ ઉપર કન્ફર્મ કરવામાં આવશે.

3) જે વિદ્યાર્થીઓએ વિભાગમાં પ્રવેશ મેળવેલ છે તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ બીજા દિવસે પોતાના Login દ્વારા દ્વારા જરૂરી ફી ઓનલાઇન ફરજીયાત ભરવાની રહેશે અને ફી ભર્યા બાદ ફી રસિદ પ્રિન્ટ કરી જે તે વિભાગમાં ઇમેઇલથી/રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.

૪) વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટેની અંતિમ તારીખ : 03/૧૧/૨૦૨૦ બપોરના ૨.૦૦ કલાક સુધીની રહેશે અને વિભાગ/કોલેજ/ઇન્સ્ટીટ્યૂટે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના ફોર્મ તા. 03/૧૧/૨૦૨૦ સાંજના ૫.૦૦ કલાક સુધી એકેડેમિક વિભાગમાં અવશ્ય જમા કરાવવાના રહેશે.

ત્યારબાદ કોઇપણ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

નં. ડી/ઈ/૧૦/ 2682
તારીખ : 27/10/20
વલ્લભ વિદ્યાનગર

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના :
૧. વડાશ્રીઓ, યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગો તરફ
૨. આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તરફ
3. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

D:/drana(15072015)/Central Admi 2020/Paripatra 31

Scanned by CamScanner